# દિલ્હીમાં વિધાનસભા ભંગ કરવાનો નિર્ણય



નવી દિલ્હી,તા. ૪

કેન્દ્રીય કેબિનેટને દિલ્હી વિધાનસભાને વિખેરી નાંખવાને આજે લીલીઝંડી આપી દીધી હતી. આની સાથે જ દિલ્હીની વિધાનસભાની ચૂંટણી માટેનો તખ્તો ગોઠવાઈ ગયો હતો. દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબ જંગ દ્વારા વિધાનસભાને વિખેરી નાંખવાની ભલાણણ કરીને અહેવાલ સોંપી દીધો હતો. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સત્તાવાર નિવાસસ્થાન ૭ રેસક્રોસ રોડ ખાતે બેઠક યોજાઈ હતી.કેન્દ્રનો નિર્ણય હવે મંજુરી માટે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને મોકલી દેવામાં આવી રહ્યો છે. આની સાથે જ ગૃહને વિખેરી નાંખવા માટેનો સત્તાવાર માર્ગ મોકળો થયો છે. દિલ્હીમાં ચૂંટણી ક્યારે યોજવી જોઈએ તે નિર્ણય ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવશે. મિડિયા અહેવાલમાં ચૂંટણીનો લઈને અટકળો રજૂ કરવામાં આવી રહી છે. કેટલાક અહેવાલમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ચૂંટણીની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જ્યારે કેટલાક અહેવાલમાં ડિસેમ્બરમાં પણ ચૂંટણી યોજવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. કોંગ્રેસ અને એએપી તથા ભાજપે સરકાર રચવાની અનિશ્ચિતતા વ્યક્ત કરી હતી. અગાઉ દિલ્હીમાં વિધાનસભાને ભંગ કરી દેવાની ભલામણ આખરે દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબ જંગે રાષ્ટ્રપતિને કરી દેતા હવે ચૂંટણી માટેનો તખ્તો તૈયાર થઈ ગયો છે. નજીબ જંગે ગઈકાલે સોમવારે ત્રણ મોટી પાર્ટી આમ આદમી પાર્ટી, ભાજપ અને કોંગ્રેસ સાથે વાતચીત કરી હતી. આ ત્રણેય પક્ષોએ દિલ્હીમાં વર્તમાન સ્થિતીમાં સરકાર બનાવવાની અનિચ્છા વ્યક્ત કરતા જંગે મોડી સાંજે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને અહેવાલ મોકલી દીધો હતો. સુત્રોએ કહ્યું છે દિલ્હીમાં હવે જાન્યુઆરીના અંતમાં વિધાનસભાની નવેસરથી ચૂંટણી યોજાઈ શકે છે. રાજનિવાસ તરફથી મોડી સાંજે અહેવાલ જારી કરવામાં આવ્યો હતો કે ત્રણેય પાર્ટી સાથે વાતચીત થઈ ચુકી છે. હવે દિલ્હી વિધાનસભાને ભંગ કરી દેવામાં આવનાર છે. ત્યારબાદ ચૂંટણી યોજવામાં આવનાર છે. વિધાનસભા ભંગ કરવા સાથે સંબંધિત જાહેરનામામાં સમય લાગી શકે છે. જેથી દિલ્હીમાં ચૂંટણી ઝારખંડ અને જમ્મુ કાશ્મીરની સાથે થાય તેવી કોઈ શક્યતા નથી. ચૂટણી માટે ભાજપને જાન્યુઆરી અને ફેબ્રુઆરીનો મહિન સૌથી સારો લાગે છે. આખરે ચૂંટણી ટાળવાની નિતિમાં ભાજપને સફળતા લાગી છે. પાર્ટી માને છે કે હવે ચૂંટણી થવાની સ્થિતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીમાં સંપૂર્ણ સમય આપી શકે છે. આનો સીધો ફાયદો ભાજપને થશે. ભાજપે રવિવારના દિવસે જ સંસદીય બોર્ડની બેઠકમાં નિર્ણય કરી લીધો હતો કે તે દિલ્હીમાં સરકાર બનાવવાના પ્રયાસો કરશે નહી. હવે તમામ અટકળોનો અંત આવી ગયો છે.

# સચિનના દાવાઓ બિલકુલ ખોટા : ગ્રેગ ચેપલનો દાવો

નવીદિલ્હી,તા. ૪

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કોચ ગ્રેગ ચેપલે વળતો પ્રહાર કરીને સચિન તેંડુલકર દ્વારા કરવામાં આવેલા દાવાને ફગાવી દીધો છે. આની સાથે જ સચિન અને ચેપલ વચ્ચે પણ ખેંચતાણ થયાના સંકેત દેખાઈ રહ્યા છે. સચિન તેંડુલકરે પોતાની આત્મકથામાં ચેપલને રિંગમાસ્ટર તરીકે ગણાવીને તેની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, ચેપલ પોતાના વિચારો ખેલાડીઓ પર લાદવાનો પ્રયાસ કરી રહ્યા હતા. સાથે સાથે ખેલાડીઓ ઉપર પ્રભુત્વ જમાવવાના પ્રયાસ કરી રહ્યા હતા. ગ્રેગ ચેપલ રાહુલ કરીને સચિન તેંડુલકરને કેપ્ટન બનાવવાની વાત ક્યારે પણ કરી ન હતી. ચેપલનું કહેવું છે કે, સચિનના દાવા બિલકુલ ખોટા અને આધારવગરના છે.



ચેપલે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા મારફતે નિવેદન જારી કરીને કહ્યું છે કે, તેઓ શાબ્દિક લડાઈમાં પડવા ઈચ્છુક નથી પરંતુ સ્પષ્ટ કરવા માંગે છે કે, ભારતીય ટીમના કોચ ગાળા દરમિયાન તેઓએ કયારેપણ રાહુલ દ્રવિડને દૂર કરીને સચિનને કેપ્ટન બનાવવાની વાત કરી ન હતી. આ ઉપરાંત ભારતીય ટીમમાં વિભાજનની સ્થિતિ સર્જવાના પ્રયાસ કર્યા ન હતા. ભારત ઉપર વર્ષો સુધી વર્ચસ્વ જમાવવાની પણ ઈચ્છા રાખી ન હતી. રાહુલ દ્રવિડના સંદર્ભમાં પણ ખુલાસો કર્યો હતો. સચિનના પુસ્તકમાં કરવામાં આવેલા દાવા અંગે ચેપલે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. ચેપલનું કહેવું છે કે, તે માત્ર એક વખત સચિનના ઘરે ગયો હતો અને તે પણ ઈજામાંથી બહાર નિકળ્યા બાદ ફિજીયો અને સહાયક કોચની સાથે ગયો હતો. પુસ્તકમાં કરવામાં આવેલા દાવાથી પણ ૧૨ મહિના પહેલા તેઓ ગયા હતા. સચિનના ઘરે કેપ્ટનશીપના મુદ્દે કોઈ ચર્ચા થઈ ન હતી. સચિને પોતાની આત્મકથા પ્લેઈંગ કિટમાઈક વેમાં દુનિયાભરમાં રજૂઆત કરીને ખળભળાટ મચાવી દીધો છે. આ પુસ્તક ૬ઠ્ઠી નવેમ્બરના દિવસે રજૂ કરવામાં આવનાર છે.

સચિને ગ્રેગ ચેપલને રિંગમાસ્ટર ગણાવીને ખળભળાટ મચાવી દીધો હતો. ગ્રેગ ચેપલ ૨૦૦૫થી ૨૦૦૭ દરમિયાન વિશ્વકપ સુધી ટીમ ઈન્ડિયાના કોચ તરીકે હતો. આ ગાળા દરમિયાન ચેપલ અને તત્કાલિન કેપ્ટન સૌરવ ગાંગુલી સાથે ખેંચતાણને લઈને પણ ભારે હોબાળો થયો હતો.

## મહિલા મેકઅપ આર્ટિસ્ટ ન રાખવા બદલ નારાજગી

નવીદિલ્હી,તા. ૪

સુપ્રીમ કોર્ટે આજે એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં મહિલા મેકઅપ આર્ટિસ્ટ ન રાખવા બદલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની જોરદાર ઝાટકણી કાઢી હતી. સાથેસાથે આના માટે મહિલા મેકઅપ આર્ટિસ્ટની દેખીતીરીતે તરફેણ પણ કરી હતી. મજબૂત યુનિયનની ઉપસ્થિતિમાં મહિલા મેકઅપ આર્ટિસ્ટનો મુદ્દો સુપ્રીમે ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, માત્ર પુરુષ મેકઅપ આર્ટિસ્ટ જ કામ કરી રહ્યા છે જે બિલકુલ ગેરબંધારણીય, ગેરકાયદે અને ભારે પક્ષપાત સાથે સંબંધિત બાબત છે. છેલ્લા છ દશકથી આ ઈન્ડસ્ટ્રીમાં મહિલા મેકઅપ આર્ટિસ્ટને તક આપવામાં આવી રહી નથી. કારણ કે, યુનિયન માને છે કે, પુરુષો ઝડપથી કામ પુરુ કરે છે. બીજી બાજુ મહિલાઓ હેરસ્ટાઈલિસ્ટ તરીકે કામ કરી રહી છે.

**જાહેર સભાઓ અને રાજકારણીઓને ટાર્ગેટ કરાશે**

# કાશ્મીરમાં ત્રાસવાદી હુમલા કરવા સઈદની ખુલ્લી ચિમકી

નવીદિલ્હી,તા.૪

જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પહેલા સુરક્ષા સંસ્થાઓએ વધુ હુમલા થવાની ચેતવણી આપી છે. સુરક્ષા સંસ્થાઓએ કહ્યું છે કે, ચૂંટણી દરમિયાન ત્રાસવાદીઓ ખલેલ પહોંચાડી શકે છે. જમાત ઉદદાવાના વડા હફીઝ સઈદે ચેતવણી આપી છે કે, જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ જમાત ઉદદાવાના લીડર સઈદને પાકિસ્તાની સેના અને આઈએસઆઈનો પણ ટેકો છે. ચૂંટણી રેલી અને રાજયમાં રાજકારણીઓને ટાર્ગેટ બનાવવા સઈદને સમર્થન મળી રહ્યું છે. ઈન્ટેલીજન્સ સંસ્થાઓ દ્વારા ચેતવણી પણ જારી કરવામાં આવી છે. સઈદે હાલમાં જ લશ્કરે તોઈબાના ટ્રેનિંગ કેમ્પને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના મુઝફ્ફરાબાદમાં ખસેડી દીધા બાદ હુમલાની દહેશત વધી ગઈ છે. સઈદે ભારત પાકિસ્તાન સરહદ નજીક કેટલાક કેમ્પ સ્થાપિત કર્યા છે. ભારતમાં આતંકવાદીઓને ઘુસાડવાની હિલચાલ તૈયાર કરવામાં આવી છે.

મુંબઈમાં થયેલા ભીષણ આતંકવાદી હુમલામાં માસ્ટર માઈન્ડ તરીકે રહેલા સઈદે અગાઉ પણ હુમલા કરવાની ચેતવણી જારી કરી હતી. સઈદે હાલમાં જ રાજયમાંથી મોટાપાયે યુવાનોની ભરતી કરવા લશ્કરે તોઈબાના ત્રાસવાદીઓને સૂચના આપી હતી. ૭મી સપ્ટેમ્બરના વિનાશકારી પુર બાદ ઘરવગરના અને બેરોજગાર થયેલા લોકોને ટાર્ગેટ બનાવવા તોઈબાના કટ્ટરપંથીઓ યોજના બનાવી ચુક્યા છે. પુરમાં વ્યાપક નુકસાન થયું હતું. ભારતીય ઈન્ટેલીજન્સ સંસ્થાઓનું કહેવું છે કે, વિધાનસભાની ચૂંટણી પાંચ તબક્કામાં યોજાનાર છે. આ ચૂંટણી ૨૫મી નવેમ્બરથી ૨૦મી ડિસેમ્બર દરમિયાન યોજાશે. મતગણતરી ૨૩મી ડિસેમ્બરના દિવસે યોજાનાર છે. ચૂંટણીને લઈને જમ્મુ કાશ્મીરમાં રાજકીય ગરમી જામી છે.

## અરૂણાચલમાં માર્ગ પ્રોજેક્ટો માટે ૯૦ કરોડ મંજુર કરાયા

ઈટાનગર,તા.૪

અરુણાચલમાં માર્ગ પ્રોજેક્ટો માટે કેન્દ્ર સરકારે ૯૦ કરોડની દરખાસ્તને લીલીઝંડી આપી દીધી છે. ૯૦ કરોડ રૂપિયા મંજુરી કરવામાં આવ્યા બાદ અરુણાચલમાં જુદા જુદા માર્ગ પ્રોજેક્ટોને ઝડપથી આગળ વધારી શકાશે. આ રકમમાં ૧૭ માર્ગ પ્રોજેક્ટો માટેની રકમ સામેલ કરવામાં આવી નથી. રાજ્ય માટે કુલ ૧૭ માર્ગ પ્રોજેક્ટો માટે ૧૨૦.૪૧ કરોડની રકમ મંજુર કરવામાં આવનાર છે જેમાં આ રકમ સામેલ છે. કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી કિરેન રિજ્જુએ માહિતી આપતા કહ્યું છે કે, અરુણાચલ પ્રદેશમાં ઝડપી વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવનાર છે. જુદા જુદા માર્ગ પ્રોજેક્ટોના મુદ્દા પર વાતચીત કરવામાં આવી ચુકી છે. રાજ્યમાં માત્ર છ કારોબારી મહિના રહે છે જે પૈકી એક મહિનાનો સમય જતો રહ્યો છે. અરુણાચલ પ્રદેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વિકાસની વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે.

# જમ્મુ કાશ્મીરમાં મિશન ૪૪ પાર પાડવા ભાજપ સુસજ્જ

શ્રીનગર,તા. ૪

ભાજપે જમ્મુ કાશ્મીરમાં મિશન ૪૪ને પાર પાડવા માટે કમર કસી લીધી છે. આના ભાટે ભાજપે તમામ તાકાત લગાવી દીધી છે. લોકસભાની ચૂંટણી અને ત્યારબાદ હરિયાણા અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ઈતિહાસ સર્જીને ભાજપે બહુમતિ મેળવી લીધા બાદ હવે જમ્મુ કાશ્મીરમાં ભાજપે તાકાત દાવ પર લગાવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દેશમાં વધતી જતી લોકપ્રિયતા વચ્ચે ભાજપ ભારે આશાવાદી છે. ભાજપના વ્યુહરચનાકારો માનવા લાગ્યા છે કે જમ્મુ કાશ્મીરમાં પણ સફળતા મળી શકે છે.રાજ્યમાં મિશન ૪૪ પર કામ શરૂ કરવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદી અને અમિતશાહની જોડી ફરી એકવાર સક્રિય થઈ ગઈ છે. રાજ્યની તમામ ૮૭ બેઠકો પર



ચૂંટણી લડવાની ભાજપે જાહેરાત કરી ધી છે. ભાજપે આ વખતે તેના જુના ચહેરાને બદલી નાંખવાનો પણ સંકેત આપ્યો છે. ભાજપે ચૂંટણી માટે જે તેની પ્રથમ યાદી જાહેર કરી છે તેમાં પેરાશુટ ઉમેદવાર પણ છે. અન્ય પક્ષોમાંથી ભાજપમાં સામેલ થયેલા ઉમેદવારો પણ છે. ભાજપે ૪૫માંથી ૧૩ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપીને ઈરાદા સ્પષ્ટ કર્યા છે. મિશન ૪૪ને પાર પાડવા માટે ભાજપ વોટબેંકને જાતિ અને સમુદાયના આધારે ધ્યાનમાં લેવા માટે તૈયાર છે. મોદી પર ખાસ આધાર રહેશે. ભાજપે આ વખતે પોતાના સાત કલંકિત ધાપાસભ્યોને ટિકિટ આપી નથી. મળેલી માહિતી મુજબ વિધાનસભાની ચુંટણી વેળા પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઝંઝાવતી ચુંટણી પ્રચાર કરવા કમરકસી ચુક્યા છે. મોદી ચુંટણી પ્રચારમાં ભાજપનું નેતૃત્વ કરશે તેઓ જમ્મુ, કાશ્મીર અને લડાખમાં ૮થી વધુ રેલી યોજે તેવી શક્યતા દેખાઈ રહી છે. ૧૦મી નવેમ્બરથી મોદી ઝંઝાવતી પ્રચાર કરનાર છે. સૌથી પહેલા મોદી ખીણમાં પ્રચાર કરશે. જમ્મુ અને લદાખમાં મોદીની જાહેરસભા માટેની તારીખો ટૂંક સમયમાં જાહેર કરાય તેવી શક્યતા છે. વડાપ્રધાનની સાતથી આઠ રેલી યોજાશે. મોદીના જાદુ હેઠળ ફરીવાર આ ચુંટણી લડવામાં આવનાર છે. ભાજપ જુદા જુદા વર્ગને પ્રભાવિત કરવાના પ્રયાસ કરશે. મોદીની સાથે અમિત શાહ અને ભાજપ પ્રમુખ રાજનાથસિંહ હાજર રહે તેવી શકયતા છે. ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ લડાયક મુડમાં છે. સાથે સાથે ઉત્સાહિત પણ છે.

## ભારત સામે ત્રાસવાદીઓની મદદ પાકિસ્તાન લઈ રહ્યું છે


ન્યુયોર્ક,તા. ૪

ભારત સામે લડાઈને આગળ વધારવા માટે પાકિસ્તાન દ્વારા આતંકવાદીઓની મદદ લેવામાં આવી રહી છે. પેંટાગોન દ્વારા આ મુજબનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. અહેવાલમાં દાવો કરાયો છે કે, પાકિસ્તાનના ઈરાદા ખતરનાક રહેલા છે. પાકિસ્તાનમાં આતંકવાદીઓના અડ્ડાઓના મામલે પેંટાગોને ચકાસણી કરી છે જેમાં પેંટાગોને અહેવાલ તૈયાર કર્યા બાદ કહ્યું છે કે, અહેવાલ અમેરિકી કોંગ્રેસને સોંપાયો છે જેમાં જણાવાયું છે કે, પોતાના કરતા વધુ સારી ભારતીય સેનાનો પરોક્ષરીતે સામનો કરવા માટે પાકિસ્તાન આતંકવાદી સંગઠનોની મદદ લઈ રહ્યું છે. પેંટાગોને પોતાના હાલના જ પ્રથમ છ મહિનાના અહેવાલમાં જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનમાં સ્થિતિ પણ સારી નથી. કોંગ્રેસનું કહેવું છે કે, અફઘાનિસ્તાન અને ભારતને ટાર્ગેટ બનાવનાર ત્રાસવાદીઓ સતત પાકિસ્તાનથી સક્રિય રહ્યા છે. પાકિસ્તાન આ આતંકવાદી પરિબળોનો ઉપયોગ અફઘાનિસ્તાનમાં પોતાના પ્રભાવને વધારવા માટે કરે છે. ભારતની સેના પાકિસ્તાન કરતા વધારે સારી રહેલી છે. આવી સ્થિતિમાં તે પરોક્ષરીતે ત્રાસવાદી સંગઠનોની મદદ લઈ રહ્યું છે. પેંટાગોને ૧૦૦થી પણ વધુ પાનામાં પોતાનો અહેવાલ તૈયાર કર્યો છે જેમાં જણાવાયું છે કે, આતંકવાદીઓ સાથેના સંબંધ પાકિસ્તાનમાં એવા દાવાની વિરુદ્ધમાં છે જેમાં જણાવાયું છે કે, પાકિસ્તાન પોતે પણ ત્રાસવાદથી ગ્રસ્ત છે. અમેરિકાએ આ અહેવાલ તૈયાર કરીને તેના પર દબાણ વધારી દીધું છે. અમેરિકા અને ભારત વચ્ચેના વધતા જતા સંબંધોને લઈને પાકિસ્તાનની ઉંઘ હરામ થઈ ગઈ છે. આ ઉપરાંત ત્રાસવાદી સંગઠનો પર પણ દિનપ્રતિદિન દબાણ વધી રહ્યું છે.

## ઉત્તરપ્રદેશ સહિતના કેટલાક રાજ્યમાં ખાંડની કિંમત ઘટી

નવી દિલ્હી,તા. ૪

ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિળનાડુ સહિત કેટલાક રાજ્યોમાં ખાંડની કિંમતમાં ઉલ્લેખનીય ઘટાડો થતા લોકોને મોટી રાહત થઈ છે. ખાંડની કિંમતોમાં રાહત થતા આવનાર દિવસોમાં અન્ય રાજ્યોમાં રહેતા લોકોને પણ ફાયદો થઈ શકે છે. એક વર્ષના ગાળામાં જ ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર અને તમિળનાડુ જેવા કેટલાક મોટા બજારમાં ખાંડ ઉદ્યોગમાં એક્સ મિલ ખાંડ



કિંમતમાં પ્રતિ કિલો એકથી ત્રણ રૂપિયા સુધીનો ઘટાડો થયો છે. ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિએશન પાસે રહેલા આંકડામાં કહેવામાં આવ્યું છે કે ઉત્તરપ્રદેશમાં ખાંડની કિંમત ગયા ઓક્ટોબરમાં જે કિંમત હતી તેની સામે પ્રતિ ક્વિન્ટલ ઘટી ગઈ છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં ૩૦૨૦ રૂપિયા પ્રતિ ક્વીન્ટલનો ભાવ હતો જે ઘટીને પ્રતિ ક્વિન્ટિલ ૨૮૫૦ થઈ ગયો છ. ઉત્તરપ્રદેશને ભારતના સૌથી મોટા બીજા ખાંડ ઉત્પાદક રાજ્ય તરીકે ગણવામાં આવે છે. મહારાષ્ટ્રમાં ખાંડની કિંમત ૨૭૬૧થી ઘટીને ૨૭૧૫ થઈ ગઈ છે. પરંતુ કર્ણાટકમાં તેની કિંમત પ્રતિ ક્વિન્ટલ ૨૭૪૦થી ઘટીને ૨૬૬૫ થઈ ઘઇ છે. તમિળનાડુમાં ખાંડની કિંમત ૩૦૩૪થી ઘટીને ૨૮૨૫ થઈ ગઈ છે.

અખિલેશ સરકાર હાલમાં ભારે દબાણમાં દેખાઈ રહી છે. ખેડુતોની ટુકડી પહેલાથી ભાવમાં વધારો કરવાની માંગ કરી રહી છે. હાલમાં ખાંડ મિલો અને ખેડુતો વચ્ચે જુદા જુદા મામલે ભારે વિવાદ રહ્યો છે. જેથી તકલીફ સર્જાઈ છે. ખેડુતો યોગ્ય કિંમત ન મળતા નાખુશ થયેલા છે.

## બ્રાન્ડ વેલ્યુમાં શાહરૂખ નંબર વન, ધોની નંબર ત્રણ

નવી દિલ્હી,તા. ૪

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન એમએસ ધોની જાહેરાત મારફતે સૌથી વધારે કમાણી કરનાર ખેલાડી છે. પરંતુ તેની ૭.૨ કરોડ ડોલર અથવા તો આશરે ૪૪૧ કરોડ રૂપિયાની બ્રાન્ડ વેલ્યુ હજુ પણ બોલિવુડ સ્ટાર શાહરૂખખાન અને નવા સ્ટાર રણબીર કપુર કરતા ઓછી છે. વૈશ્વિક કંપની અમેરિકન અપ્રેજલ દ્વારા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શાહરૂખ અને રણબીર એવી હસ્તી છે જે ધોની કરતા આગળ છે. આ બન્ને સેલિબ્રિટીની બ્રાન્ડ વેલ્યુ ૧૦ કરોડ ડોલરથી વધારે છે. ભારતમાં ટોપ ૧૫ સેલિબ્રીટી બ્રાન્ડની કુલ વેલ્યુ ૮૨ કરોડ ડોલર અથવા તો ૫૦૨૫ કરોડ રૂપિયા છે. હુન્ડાઈ, નેરોલેક, રોયલ સ્ટેગ વિસ્કી સહિત ૧૦થી વદારે બ્રાન્ડમાં કિંગ શાહરૂખ ખાન કામ કરી રહ્યો છે. તે સૌથી વેલ્યુએબલ સેલિબ્રીટી છે. તેની બ્રાન્ડ વેલ્યુ ૧૬.૫ કરોડ ડોલર અથવા તો ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધારે છે. અમેરિકન અપ્રેજલ ઈન્ડિયાના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો શાહરૂખ ભારે લોકપ્રિયતા ધરાવે છે. અમેરિકન અપ્રેજલ ઈન્ડિયાના



એમડી વરણ ગુપ્તાએ માહિતી આપતા કહ્યું છે કે સંબંધિત સેલિબ્રિટીના ક્ષેત્રમાં તેના દેખાવના આધારે બ્રાન્ડ વેલ્યુમાં ફેરફાર થયા છે. તેમણે કહ્યું છે કે ક્રિકેટના મેદાન પર સારા દેખાવ ન કરવાના લીધે ધોનીના બ્રાન્ડ વેલ્યુમાં ફેરફાર છે.ટોપ ૧૫ સેલિબ્રીટી દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૧૦૦ કરોડ રૂપિયાથી વધારે જાહેરાત ફી લીધી હતી. ટોપ ૧૦ રેન્કિંગમાં ત્રણ મહિલાઓ સામેલ છે. જેમાં દિપિકા કેટરીના અને કરીના કપુરનો સમાવેશ થાય છે. ક્રિકેટર વિરાટ કોહલીની વેલ્યુએશન સલમાન, આમીર અને અમિતાભ બચ્ચન કરતા વધારે રહી છે.શાહરૂખની ફિલ્મ હાલ સફળ રહી છે.

## સમાચાર ઝલક

- જુનાગઢની ગીરનારની લીલી પરિક્રમાનો આજથી પ્રારંભ.
- અમદાવાદમાં સરસપુર વિસ્તારમાં લઘુશંકાની નજીવી બાબતે મારામારી પાંચને ઈજા.
- મહોરમ-દેવ દિવાળી નિમિત્તે વડોદરામાં એસ.એમ.એસ.-વોટસએપ સેવાઓ પર પ્રતિબંધ.
- અમદાવાદના સંસદ સભ્ય અને ફિલ્મ અભિનેતા પરેશ રવળ સફાઈ અભિયાનમાં જોડાયા.
- અમેરિકાનું વર્લ્ડ સેન્ટર આતંકી હુમલા બાદ ફરીથી જીવંત બન્યું.
- કડી તાલુકાના નંદાસણ ગામે પોલીસ જવાનો અને ગ્રામજનો વચ્ચે તંગદિલી-૭ ગ્રામજનોને માર મારતાં સીવીલમાં દાખલ કરાયા.
- મુદગલ સમિતિમાં ફીકસીંગ અંગે ચોંકાવનારા તારણો. ક્રિકેટરો અને પદાધિકારીઓ સામે શંકાઓ વ્યકત કરાઈ.
- અમદાવાદમાં વધતો જતો રોગચાળો.
- એસ.ટી.માં પણ ભાવ ઘટાડાની વિચારણા માટે બેઠક યોજાશે.
- શિવસેનાના વડા બાળા સાહેબ ઠાકરેની વીલનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો.
- જૈન સમાજ વિશ્વ શાંતિ માટે નવકારનો જાપ કરશે.
- શામળાજીમાં ચિત્ર-વિચિત્ર મેળામાં ઉમટશે લાખો દર્શનાર્થીઓ.
- ધોરાજી નજીક બે માસના બાળકને મારી નાંખી માતાએ કરી આત્મહત્યા.

**ગુલમહોર** (પાના નં. ૪ નું ચાલુ)

દરેક વ્યક્તિને કોઈના વિશે ખરાબ બોલવાનું કહેવું પડતું નથી, કોઈના વિશે ઘસાતું બોલવું એ જાણે માનવસહજ પ્રકૃત્તિ થઈ ગઈ છે. કોઈના વિશે સારું બોલવાનું કહેવું પડે છે. કારણ કે પ્રશંસાના બે શબ્દ કોઈના મ્હોમાંથી આપોઆપ નીકળતા નથી. આપણે જોઈ શકીએ છીએ કે આપણે કોઈના વિશે સારું બોલવામાં કંજુસાઈ કરીએ છીએ અને કોઈનું ખરાબ બોલવામાં, કોઈની ટીકા કરવામાં ખુબ ઉદાર અને વધુ પડતા ઉદાર બની જતા હોઈએ છીએ. દરેકને પ્રશંસા સાંભળવી ગમે છે પરંતુ કોઈના માટે પ્રશંસા કરવી ગમતી નથી. દરેક માનવ માત્ર ભાવનાઓથી સભર હોય છે. ભાવનાઓ અને પ્રેમને કોઈ કારણની જરુર હોતી નથી. કારણથી તો મશીન સંચાલિત થતું હોય છે, માણસ કારણોથી કે લોજિકથી ચાલી શકે નહી. સંબંધમાં લોજિક ન હોય. સંબંધમાં માત્ર ઉષ્મા અને સુષ્મા જ હોય.

**સ્ટોપરઃ-**

કેટલો નજીક છે, આ દૂરનો સંબંધ પણ,
હું હસું છું એકલો, એ એકલા શરમાય છે!

**- સૈફ પાલનપુરી**

# આર્મી ફાયરિંગમાં બેના મોત બાદ સ્થિતિ ફરી વખત વણસી

શ્રીનગર,તા. ૪

કાશ્મીરના બડગામ જિલ્લામાં સેના દ્વારા કરવામાં આવેલા બે યુવાનોના મોતને લઈને શહેરના નવ ગામ વિસ્તારમાં સુરક્ષા દળો અને દેખાવકારો વચ્ચે જોરદાર અથડામણ આજે ભડકી ઉઠી હતી. જેના પરિણામ સ્વરુપે હિંસાની શરૂઆત થઈ હતી. દરમિયન સત્તાવાળાએ લોકોની અવરજવર ઉપર નિયંત્રણો લાદી દીધા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. યુવાનોના ટોળાએ નવ ગામ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની ફરજ પર તૈનાત કરવામાં આવેલા પોલીસ જવાનો ઉપર જોરદાર પથ્થરમારો કર્યો હતો. આ હિંસામાં બે યુવાનોના મોત થયા હતા. પોલીસ ટીમે તોફાની ટોળાને અલગ પાડવા માટે પોલીસે જોરદાર ટીયરગેસના સેલનો મારો ચલાવ્યો હતો પરંતુ અથડામણની શરૂઆત થઈ ગઈ હતી. સેના દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં બે યુવાનોના મોત બાદથી સ્થિતિ વિસ્ફોટક બનેલી છે. બે યુવાનોના મોત એ વખતે થયા હતા ત્યારે તેઓ કારમાં મુસાફરી કરી રહ્યા હતા. બડગામના છતરગામ વિસ્તારમાં સેનાના જવાનો દ્વારા ગોળીબાર કરવામાં આવતા આ બનાવ બન્યો હતો. સેનાએ દાવો કર્યો છે કે, આ યુવાનોએ સેનાના જવાનોએ કારને રોકવાનો પ્રયાસ કર્યો હોવા છતાં રોકી ન હતી અને ત્રણ બેરિયર્સને તોડી દીધા હતા. ત્યારબાદ આનો પીછો કરવામાં આવ્યો હતો. કારમાં જે યુવાનો મુસાફરી કરી રહ્યા હતા તે લોકોએ ચેકપોઈન્ટ ઉપર પણ ગાડીને રોકી ન હતી. જેના પરિણામ સ્વરુપે સેનાને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. સમગ્ર મામલામાં તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. સેનાએ પણ તપાસનો આદેશ કર્યો છે. પોલીસે આ બનાવની એફઆઈઆર દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.